॥ ઓ૩મ્ ॥

શિક્ષાપત્રી ધ્વાંત નિવારણ

शिक्षापत्री ध्वान्त निवारण

લેખક : મહર્ષિ દયાનંદ સરસ્વતી

Book No. 78

ડીસેમ્બર ૧૯૮૫

મહર્ષિ સાહિત્ય પ્રકાશક મંડળ
આર્ય સમાજ મંદિર,
ફૌજપુર બોઘા, અમદાવાદ-૩૮૨૩૪૫.

કીંમત ૦-૫૦ પૈ.

પ્રિય મિત્રો......

જે લોકો મનુષ્યને જ ધાર્મિક કૃત્ય સમજતા હોય તે લોકો પરમેશ્વર પૂજાનો સ્વાદ કેમ માણી શકે ?

મનુષ્યને પરમેશ્વર થી પણ વધારે દરજ્જો આપવો સાણી વ્યક્તિને શોભેજ નહીં.

કેટલાક સ્વાર્થી સ્વર્ગ અને આત્મોન્નતિ નો ઠેકો લઇને ગુરૂડમ ચલાવે છે! ભોળી અને ધાર્મિક વૃતિ ની જનતાને દિન-દહાડે છેંતરે છે! વ્હેમ અને અન્ધશ્રદ્ધા નો પ્રચાર કરે છે! પોતાના સ્વાર્થ સિદ્ધ કરે છે!

આવા કુકર્મો માનવ સમાજ ઉપર મોટા આઘાત રૂપ છે. કોઇક કવિએ કહયું છે. :-

ભૂલકર હમને ખુદા કો, કૈસા અંધા કિયા,
અપને ઘર કે બીચ મેં આપહી કો ગુમ કિયા.

મિત્રો! મનુષ્ય પૂજા અયોગ્ય છે. તે અગર ઇશ્વર પૂજાની જગ્યાએ કરવામાં આવે તો માનવીને વાસ્તવિકતા થી દુર લઇ જાય છે.

બુદ્ધિ હોય અને વિચારતાં આવડતું હોય. કાન હોય અને સાંભળી શકતો હોય તો તેવા માનવી મનુશ્ય પૂજા ન કરે વાસ્તવિક ઇશ્વર પૂજા કરે.

વિચારો, ઇશ્વરનું સ્થાન માનવી ગઇ શકે? ઇશ્વર સર્વજ્ઞ છે, ત્યારે મનુશ્ય અલ્પજ્ઞ. ઇશ્વર સર્વ શક્તિમાન છે. ત્યારે માનવ અલ્પ શક્તિમાન છે. ઇશ્વર સૃષ્ટિની રચના કરે છે. ત્યારે સૃષ્ટિ ઉત્પત્તિ માનવીના વશ બહારનું કૃત્ય છે.

જીવતા માતા, પિતા, ગુરૂ અતિથિ વગેરેની સેવા કે સત્કાર કરવો પુણ્યનું કામ છે. પણ તેની સાથે સાથે ઇશ્વર પૂજા કરવી અત્યન્ત આવશ્યક છે. અહીં ધ્યાન આપવું જોઇએ કે ઇશ્વરનું સ્થાન ગમેતેવા શ્રેષ્ઠ વ્યક્તિ પણ લઇ શકતો નથી. શ્રેષ્ઠ વ્યક્તિને બનાવનાર પણ ઇશ્વર જ છે ને.

વિચાર કરો! મૂર્તિ પૂજા કે મનુષ્ય પુજા કરતા હોવ તો ઠહરો, વિચારો અને પછી સત્ય જણાય તો કરો અથવા વેદમાર્ગ પર પાછળ વળો...

— નિવેદક —

આર્ય સમાજ મંદિર

સૈજપુર બોઘા, અમદાવાદ-૩૮૨૩૪૫.

શ્રી સહજાનંદાદિ મતો પ્રતિ પ્રશ્નો અને તે મતોનું ખંડન

શિક્ષાપત્રી ધ્વાન્ત નિવારણ

લેખક : મહર્ષિ દયાનંદ સરસ્વતી.

Book No....

પ્રશ્ન–શ્રીસહજાનંદ નામના પુરુષ કોણ છે ?

ઉત્તર–શ્રીસહજાનંદ, નારાયણ અવતાર અને સ્વામીનારાયણ નામના પંથના આચાર્ય છે.

પ્ર.– નારાયણ કોણ છે ?

ઉ.– ગોલોક અને વૈકુંઠવાસી, ચતુર્ભુજ, દ્વિભુજ અને લક્ષ્મીપતિ ઈશ્વર છે.

પ્ર.– તે અત્યારે છે કે નથી ?

ઉ.– ઈશ્વર નિત્ય છે તેથી તે અત્યારે પણ છે.

એમ થવું અશક્ય છે કારણ કે વેદમાં કહ્યું છે કે "ઈશ્વર સર્વ વ્યાપક, વીર્યરૂપ, શરીર, છિદ્ર, અને નાડી વગરનો શુદ્ધ અને પાપરહિત છે."

સર્વાન્તર્યામી અને સર્વવ્યાપક ઈશ્વરને જન્મ-મરણ અને દેહ ધારણ છે જ નહિ. જેને જન્મ-મરણ અને શરીર ધારણ થાય તેને ઈશ્વર કદી કહેવાય નહિ. ત્યારે આજકાલના શ્રી સહજાનંદ વિષે તો શું કહેવું ! પ્રથમ તો મૃતકને (મરી ગયેલાને) આચાર્યનું નામ મુદ્દલ ઘટતું નથી. કારણ કે શ્રીસહજાનંદ મરી ગયા અને તેથી અભ્યાસ કરાવવાને તે અસમર્થ છે. બ્રાહ્મણ ભાગમાં (ગ્રંથમાં) કહ્યું છે કે.–

પોતાનો ગુરુ જો વેદ ભણેલો અને માત્ર ઈશ્વરને જ ભજતો હોય તો તેની પાસે શિષ્યે પોતાના હાથમાં સમિધ લઈને જવું જોઈએ,'' અને વળી મનુ ભગવાન પણ સાક્ષી પૂરે છે.–

"બ્રાહ્મણ, ક્ષત્રિય અથવા વૈશ્ય ગુરુ પોતાના શિષ્યને જનોઈ આદિ ધર્મ ક્રિયા કરાવ્યા પછી વેદ અર્થ સાથે અને કલ્પ સહિત ભણાવે તો જ તેને આચાર્ય કહેવો."

શ્રી સહજાનંદની રચેલી શિક્ષાપત્રી જોવાથી સિદ્ધ થાય છે કે શ્રી સહજાનંદે તે પુસ્તકમાં બધું પાખંડ વર્ણવ્યું છે. શ્રી સહજાનંદની શિક્ષાપત્રીના પ્રથમ શ્લોકનો અર્થ નીચે પ્રમાણે છે.–

"શ્રીકૃષ્ણ, જેની ડાબી બાજુએ રાધાજી ઊભાં છે. અને જેની છાતી ઉપર લક્ષ્મી બેઠી છે અને જે વૃંદાવનમાં ક્રીડા કરે છે, તેનું હું હૃદયમાં ધ્યાન ધરું છું ?"

રાધા વામે એટલે દક્ષિણ, પશ્ચિમ, આસપાસ, ઉપર, નીચે ક્યાં ઊભી છે, તે પ્રત્યક્ષ અનુમાન અને શબ્દ પ્રમાણથી કોઈને પણ નિશ્ચય થતો નથી. તેથી શ્રી સહજાનંદે જે કલ્પના કરી તે વ્યર્થ છે. જ્યારે છાતી ઉપર લક્ષ્મી બેઠી છે ત્યારે શ્રીકૃષ્ણનાં મોઢામાં દરિદ્રતા બેઠી છે એમ માનવું પડશે. મહાભારતમા કહ્યું છે કે શ્રીકૃષ્ણ દ્વારિકાની પડોશમાં મરી ગયા" હવે કોણ જાણે શ્રીકૃષ્ણનો જીવ હમણાં ક્યાં હશે! શ્રીકૃષ્ણ તો વૃંદાવનમાં ક્રીડા કરતા કોઈને દેખાતા નથી. પણ વૃંદાવનમાં બહુ પાખંડરૂપ પાષણ આદિ મૂર્તિઓ દેખાય છે. નિરાકાર, જન્મ મરણ રહિત ઈશ્વરને છોડીને શ્રીકૃષ્ણનું હું હૃદયમાં ધ્યાન ધરું છું એમ કહેવું મિથ્યા છે.

"મુકુન્દાનંદ આદિ નૈષ્ઠિક બ્રહ્મચારી અને ભટ્ટ મયારામ વગેરે ગૃહસ્થો મારા આશ્રિત છે." ૪.

મુકુન્દાનંદ વગેરે એ વેદ અને ઈશ્વર ઉપર આસ્થા રાખી નથી, તેથી તેઓને નૈષ્ઠિક બ્રહ્મચારી નામ પટતું જ નથી, એ જ પ્રમાણે એમના ઘણા ખરા શ્લોકો ભ્રષ્ટ અને અશુદ્ધ છે.

"રસ્તે ચાલતાં શિવાલય આદિ જે દેવમંદિર આવે તેઓને નમવું અને પ્રેમથી તેઓનાં દર્શન કરવાં." ૧૩.

પાષાણ આદિ મૂર્તિના ઘરને દેવાલય નામ આપ્યું, તેથી અને

વળી તેઓનું દર્શન કરવું એ પ્રમાણે અનર્થ વચન કહેવાથી માલૂમ પડે છે કે શ્રી સહજાનંદ પદાર્થ વિદ્યા મુદ્દલ જાણતા નહોતા.

"પોતાના વર્ણાશ્રમનો જે ધર્મ હોય તેનો કોઈએ ત્યાગ કરવો નહિ, તેમ જ પાખંડ કલ્પિત પરધર્મનું આચરણ કરવું નહિ" ૧૪.

પ્રથમ શ્રી સહજાનંદે વેદોક્ત સ્વવર્ણાશ્રમનો ત્યાગ શા માટે કર્યો? જો કહેશે કે ત્યાગ નથી કર્યો તો વેદ વિરુદ્ધ મૂર્તિપૂજન, કંઠી તિલકધારણ આદિ પાખંડોનું આચરણ શું કરવા કરાવ્યું ! આ ઉપરથી સિદ્ધ થાય છે કે શ્રી સહજાનંદે પોતાના પગમાં પોતે કુહાડો માર્યો છે એટલે કે પોતાનું બોલેલું પોતે ધોઈ નાખ્યું છે.

"જેના કહેવાથી કૃષ્ણ ભક્તિમાં ભંગ પડે તેવા પુરુષના મુખમાંથી કદી ભગવાનની કથા વાર્તા સાંભળવી નહિ." ૧૫.

માત્ર શ્રીકૃષ્ણની જ ભક્તિ કરવામાં સ્વધર્મ રહ્યો છે. એમ શ્રી સહજાનંદનું કહેવું વ્યર્થ છે, કારણ કે વેદમાં જ્યાં વર્ણાશ્રમ પ્રતિપાદન પ્રકરણ છે ત્યાં શ્રીકૃષ્ણની ભક્તિ કરવી એ જ સ્વધર્મ છે. એમ કહ્યું નથી.

આ ઉપરથી સમજવું કે શ્રી સહજાનંદ અને તેમના સંપ્રદાય. વાળાઓના મુખેથી કદી કોઈએ કથાવાર્તા સાંભળવી નહિ. શ્રી કૃષ્ણને પ્રભુનામ આપી શકાય જ નહિ કારણ કે એમણે જન્મમરણ આદિ દોષો વેઠયા હતા.

"સ્ત્રી પાસેથી શ્રુતિ અથવા જ્ઞાનવાર્તા મનુષ્યોએ સાંભળવી નહિ તેમ જ સ્ત્રી, રાજા અને રાજપુરુષો સાથે વાદવિવાદ કરવો નહિ." ૩૪.

યાજ્ઞવલ્કયાદિ મહાન ઋષિઓએ ગાર્ગી વગેરે વિદુષી સ્ત્રીઓ સાથે ધર્મ વિષય ઉપર વિચાર કર્યો હતો, તેથી શ્રી સહજાનંદની કલ્પના માન્ય કરવા યોગ્ય નથી.

"શ્રીકૃષ્ણ દીક્ષાની પ્રાપ્તિ અર્થે તુલસીની બેવડી માળા પહેરવી અને લલાટ વગેરે ભાગો ઉપર ઊર્ધ્વત્રિપુંડ કરવું." ૪૧.

શ્રીકૃષ્ણ દીક્ષા, તુલસીમાળા ધારણ અને ઊર્ધ્વત્રિપુંડ વગેરે જે કહ્યું છે તે શ્રીસહજાનંદનું કહેવું મિથ્યા છે, કારણ કે એમ કરવું વેદવિરુદ્ધ અને યુક્તિ રહિત છે. જો કંઠી અને થોડું તિલક ધારણ કરવાથી પુણ્ય થાય છે તો કંઠીનો ભારો બાંધવાથી અને આખું મોઢું, શરીર લીપી મૂકવાથી અત્યંત પુણ્ય છે એમ માનવું પડશે અને જો એમ માનતા હો તો એ કામ જલદી કરો. શ્રીસહજાનંદના એવા એવા ભ્રષ્ટ શ્લોકો છે.

"વંશ પરંપરાથી જો બ્રાહ્મણ રુદ્રાક્ષ ધારણ કરતો હોય તો તેઓએ મારા આશ્રિત થયા પછી તેનો ત્યાગ કરવો નહિ. નારાયણ અને કેશવને એક જ આત્મ પણું છે, કારણ કે વેદમાં એ બેઉને બ્રહ્મરૂપ ગણ્યા છે." ૪૭.

ત્રિપુંડ અને રુદ્રાક્ષનું ધારણ કરવું એમ શ્રીસહજાનંદે માન્યું તો પ્રથમ શ્રી સહજાનંદે પોતે જ રુદ્રાક્ષ શા માટે ત્યજી અને પોતાના સંપ્રદાયવાળાઓને શા માટે ત્યજાવી? "મારા આશ્રિતો" એવાં વચન શ્રી સહજાનંદે વારે-વારે લખેલાં છે તે મિથ્યા છે, કારણ કે જેને જન્મ-મરણ દોષ નડયા એવા અવિદ્વાન જીવનો આશ્રય નિષ્ફળ છે. નારાયણ અને શિવ બેઉ એક જ છે એમ શ્રી સહજાનંદે ઉપર કહ્યું તે મિથ્યા છે, કારણ કે વેદમાં શિવ અને નારાયણને બ્રહ્મરૂપ માનેલા નથી.

" આ પ્રમાણે કર્યા પછી રાધા-કૃષ્ણની છબી અથવા મૂર્તિનાં પ્રેમથી દર્શન કરીને યથાશક્તિ તેઓનો મંત્ર જપ કરવો, ત્યાર પછી સંસાર વ્યવહાર ચલાવવો." ૫૪.

રાધા કૃષ્ણને શ્રી સહજાનંદે, તેમ બીજા કોઈએ પ્રત્યક્ષ જોયાં નથી, ત્યારે તેમની છબી અથવા મૂર્તિ કેવી રીતે બનાવી શકાય? આ ઉપરથી સાબિત થાય છે, કે શ્રી સહજાનંદ જે કહે છે તે બધું અસત્ય છે.

"પાષણ અથવા ધાતુ વગેરેની બનાવેલી કૃષ્ણ મૂર્તિની, શક્તિ પ્રમાણે ફળફૂલ વગેરે પદાર્થોથી પૂજા કરવી અને પછી શ્રી કૃષ્ણનો અષ્ટાક્ષર મંત્ર જપવો." ૫૬.

આ શ્લોક ઉપરથી સિદ્ધ થાય છે કે શ્રી સહજાનંદની બુદ્ધિ જડ હતી, કારણ કે વેદવિરુદ્ધ પાષણ આદિ મૂર્તિપૂજનનું એમણે પ્રતિપાદન કર્યું છે. વેદવિરૂદ્ધ શ્રી કૃષ્ણનો મંત્ર જપવાથી શ્રી સહજાનંદને નાસ્તિક નામ આપી શકાય છે.

"હરિને નૈવેદ્ય કર્યા પછી બાકી રહેલી પ્રસાદી પોતે આરોગવી અને શ્રીકૃષ્ણ સેવામાં જેમ બને તેમ તત્પર રહેવું." ૫૮.

હરિ પ્રત્યક્ષ દેખાતો નથી, અને મૂર્તિઓમાં ભોજન કરવાની શક્તિ નથી. તે કારણથી મૂર્તિને નૈવેદ્ય ધરવું વ્યર્થ છે, આ બધું છળકપટ છે. કારણ કે જો એમ હોય તો પોતાના અંગૂઠાનાં દર્શન અને ટન્ ટનૂ પું પું કરીને ભોજન કરવામાં થોડો શ્રમ છે.

"પોતાના આચાર્યે જે શ્રીકૃષ્ણરૂપ આપ્યું હોય અને જેમાં પ્રાણપ્રતિષ્ઠા કરી આપી હોય તેની જ માત્ર સેવા કરવી, અન્યની સેવા કરવી નહિ. દરરોજ સાંજના ભગવત મંદિરમાં જવું અને ત્યાં રાધા-કૃષ્ણનાં મોટે અવાજે કીર્તન કરવાં." ૬૨-૬૩.

પાષણ આદિ મૂર્તિસ્વરૂપ જેની પ્રતિષ્ઠ થાય છે તે શ્રીકૃષ્ણ સ્વરૂપ થઈ શકે નહિ. કારણ કે એ તો માત્ર પથરા જ છે. એવા પથરા કોઈએ સેવવા નહિ તેમ તેઓને નમવું પણ નહિ. જે સર્વ શક્તિમાન, અવતાર રહિત, ન્યાયકારી, દયાળુ, સર્વાન્તર્યામી, સર્વ વ્યાપક, નિરાકાર શ્રેષ્ઠ અને પરમાત્મા છે, તેની સર્વ લોકોએ પૂજા કરવી અને તેને જ નમવું. સાંજના સર્વ લોકોએ મંદિરમાં જઈને પાષણ આદિ મૂર્તિઓની અને જેને જન્મ-મરણ થયા એવા રાધા-પતિ શ્રીકૃષ્ણની મૂર્તિની પૂજા કરવી અને તેનાં મોટે અવાજે કીર્તન કરવાં એમ જે ઉપર કહ્યું તે બધાં મિથ્યા ઉપદેશ છે. આ ઉપરથી જણાય છે કે શ્રી સહજાનંદ, વેદવિદ્યાને મુદ્દલ જાણતા નહોતા.

અસત્ય ઉપદેશથી કદાચ શ્રી સહજાનંદને સદ્‌ગતિ પણ નહિ થઈ હોય એમ અનુમાન કરી શકાય છે. આ મિથ્યા ઉપદેશનો જે સ્વીકાર કરે છે અને જે બીજાઓને કરાવે છે. તેઓની સદ્‌ગતિ થઈ નથી. થતી નથી અને થવાની નથી. જે લોકો વેદાદિ સદ્વિદ્યા, પક્ષપાત રહિત ન્યાય અને વૈર બુદ્ધિ ત્યાગ આદિ લક્ષણ ધર્મનો બોધ કરે છે, તેઓને અને જે લોકો યથાવત્ એવા બોધનો સ્વીકાર કરે છે અને ન્યાયકારી, દયાળુ, નિરાકાર પરમેશ્વરની પ્રાર્થના, ઉપાસના યા સ્તુતિ બરાબર કરશે તેઓને જ માત્ર સદ્‌ગતિ પ્રાપ્ત થશે. એ જ પ્રમાણે આગળના શ્લોકો પણ અશુદ્ધ છે.

"એકાદશી આદિ સર્વવ્રતો રાખવાં, શ્રીકૃષ્ણ જન્મના દિવસે અને શિવરાત્રિએ મોટા ઉત્સવો કરવા." ૭૯.

એકાદશી આદિ વ્રતો, વેદમાં ક્યાંય લખ્યાં નથી. પરંતુ વેદમાં તો બ્રહ્મચર્ય, સત્ય ભાષણ આદિ વ્રતો કરવાના લખ્યાં છે. આ ઉપરથી સાબિત થયું કે એકાદશી આદિ વ્રતો રાખવા વ્યર્થ છે.

"સર્વ વૈષ્ણવાધિપતિ શ્રી વલ્લભાચાર્ય અને તેમના પુત્ર શ્રીવિઠ્ઠલે જે જે ઉત્સવો નિર્માણ કર્યા છે, તે સર્વ ઉત્સવ શ્રીવિઠ્ઠલને અનુસરી કરવા. જે પ્રમાણે શ્રીવિઠ્ઠલે શ્રીકૃષ્ણની સેવા કરી છે તે પ્રમાણે ગ્રહણ કરવી. દ્વારિકાદિ મુખ્ય યાત્રાઓ શક્તિપ્રમાણે યથાવિધિ કરવી અને કંગાલ લોકો ઉપર દયા રાખવી. મારા આશ્રિતોએ વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્ય એ પાંચ દેવોને પૂજ્ય માનવા. ભૂત પ્રેતાદિ ઉપદ્રવ કરે તો નારાયણ કવચ અથવા હનુમાન મંત્રનો જપ કરવો. પણ કોઈ ક્ષુદ્ર દેવનો જપ કરવો નહિ."

શ્લોક–૮૧, ૮૨, ૮૩ ૮૪, ૮૫.

સર્વ વૈષ્ણવરાજ શ્રી વલ્લભાચાર્યના પુત્ર શ્રીવિઠ્ઠલે પરધન હરણ, ધર્મનાશ, પરસ્રીગમન આદિ વ્યભિચારો સારી પેઠે કરી બતાવ્યા છે. એવાં કર્મ કરનાર પુરુષના મત વિષે શ્રી

સહજાનંદે પોતાની સંમતિ આપી ઉપદેશ કર્યો છે. તથા દ્વારિકા વગેરે તીર્થ યાત્રાઓ કરવી એવો જે શ્રી સહજાનંદે ઉપદેશ કર્યો છે તે માત્ર ભ્રાંતિથી જ કર્યો છે, એમ નક્કી કરી જાણવું. જડ, પાષાણ, પાણી વગેરે પદાર્થોમાં તીર્થ ઉપદેશનો સંભવ દેખાતો નથી. તેથી એ ઉપદેશ અત્યંત દુઃખ દાયક છે. છાંદોગ્ય ઉપનિષદમાં તીર્થ શબ્દનો અર્થ વેદ અથવા ઈશ્વરનું જ્ઞાન થાય છે, જેથી અવિદ્યા, જન્મ-મરણ હર્ષ–શોકાદિ દુઃખો તરાય તેને તીર્થ નામ આપવામાં આવે છે. શિવ, વિષ્ણુ, ગણપતિ, પાર્વતી વગેરે દેહધારી મરણધર્મ પામેલાની પૂજા અને સૂર્ય પોતે જડ છે, તેથી તેની પૂજા વિષે વેદમાં કહ્યું નથી. એટલા માટે એક પરબ્રહ્મની પૂજા કરવી જોઈએ, અને આ પાંચોની પૂજા કરવી, એમ જે શ્રી સહજાનંદે કહ્યું છે તે મિથ્યા છે. ભૂત-પ્રેતોના અર્થે નારાયણ કવચ અથવા હનુમાન મંત્રનો જપ કરવો એવો ઉપદેશ કરવાથી માલૂમ પડે છે કે શ્રી સહજાનંદ ભ્રમ ઊત્પન્ન થયો હતો.

"વેદ, વ્યાસસૂત્ર, ભાગવત, ભારતમાં કહેલું સહસ્ત્રનામ, વિદુર નીતિ, ભગવદ્‌ગીતા, સ્કંદપુરાણ અને વૈષ્ણવખંડમાં કહેલું વાસુદેવ મહાત્મ્ય અને યાજ્ઞવલ્કય સ્મૃતિ વગેરે આઠ સત્શાસ્ત્રો મને ઈષ્ટ છે. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યો જેઓ શુભેચ્છક અને મારા શિષ્યો છે, તેઓએ એ શાસ્ત્રો સાંભળવાં, એનો પાઠ કરવો અને કરાવવો એ પાઠ શાસ્ત્રોમાં આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત્તના નિર્ણય અર્થે યાજ્ઞવલ્કય સ્મૃતિની મિતાક્ષરા નામની ટીકાને પણ હું ગ્રહણ કરું છું. ભાગવતના પાંચમા અને દશમા સ્કંધમાં શ્રીકૃષ્ણ લીલા લખેલી છે, તેથી તે બે સ્કંધો અવશ્ય જાણવા. ભાગવતના દશમા સ્કંધમાં ભક્તિશાસ્ત્ર પાંચમામાં યોગશાસ્ત્ર અને યજ્ઞવલ્કય સ્મૃતિમાં અમારું ધર્મશાસ્ત્ર વર્ણવ્યું છે. શારીરિક સૂત્ર અને ભાગવદ્‌ગીતાનું જે ભાષ્ય રામાનુજ આચાર્યે બનાવ્યું છે. તે અમારું અધ્યાત્મશાસ્ત્ર છે. એ શાસ્ત્રોનાં જે-જે વાક્યોમાં કૃષ્ણ ધર્મ, ભક્તિ અને વૈરાગ્યનું વર્ણન કર્યું હોય તે વાક્યો બીજા

વાક્યો કરતાં શ્રેષ્ઠ માનવાં અને કૃષ્ણ ભક્તિ ધર્મ સાથે જ રાખવી." ૯૨, ૯૩, ૯૪, ૯૫, ૯૬, ૯૭, ૯૮, ૯૯, ૧૦૦, ૧૦૧, ૧૦૨.

ઉપરના બધા શ્લોકો મનસ્વી અને અશુદ્ધ છે. ભાગવત આદિ પુરાણનો, ભારતમાં વિષ્ણુસહસ્રનામ, ભગવદ્‌ગીતા વગેરેનો જ માત્ર સ્વીકાર, બીજા ગ્રંથોનો ત્યાગ, યાજ્ઞવલ્ક્ય સ્મૃતિની મિતાક્ષરા ટીકાનું ગ્રહણ, પૂર્વ મીમાંસા તથા મનુસ્મૃતિનો ત્યાગ કરવાથી અને વાસુદેવને મહાત્મા ગણવાથી સિદ્ધ થાય છે કે શ્રી સહજાનંદ વિદ્વાન નહોતા. શ્રી સહજાનંદ ભાગવતના ભ્રષ્ટ, મિથ્યા, ભૂત–પ્રેત, અધર્મ–કથા–પ્રતિપાદક દશમ સ્કંધને સર્વ શાસ્ત્રો કરતાં શ્રેષ્ઠ માને છે, તે ઉપરથી જ જણાય છે કે સહજાનંદ વેદનિંદક (નાસ્તિક) હતા. દશમસ્કંધમાં ભક્તિ લેશમાત્ર નથી પણ વ્યભિચાર આદિ અધર્મનું પ્રતિપાદન પ્રસિદ્ધ છે. પાંચમા સ્કંધમાં યોગશાસ્ત્રનું પ્રતિપાદન તો કરેલું નથી, યોગાભાસ (છળભેદનું) પ્રતિપાદન કરેલું છે. શ્રૌતસૂત્ર અને મીમાંસા આદિ ધર્મશાસ્ત્રોનો તિરસ્કાર કરવાથી અને દળેલાંને ફરીથી દળવા માફક યાજ્ઞવલ્ક્ય સ્મૃતિનો સ્વીકાર કરવાથી એમ માલૂમ પડે છે કે શ્રી સહજાનંદ વેદના કર્મકાંડ, ઉપાસના કાંડ અને જ્ઞાનકાંડ વિષે કંઈ જાણતા નહોતા. શારીરિક સૂત્રનાં રામાનુજે કરેલા અતિ અશુદ્ધ ભાષ્યનું પ્રમાણ માનવાથી શ્રી સહજાનંદ વિવેકી ન હતા એમ સાબિત થાય છે. શ્રીકૃષ્ણે વેદ વાક્યોને પોતે સર્વોત્કૃષ્ટ માન્યાં છે. ત્યારે શ્રી સહજાનંદે ઉપર જે દશમસ્કંધ વગેરેને શ્રેષ્ઠ ગણ્યા તે શ્રી સહજાનંદને ભ્રમ થયો હશે એમ જણાય છે. વેદ વાક્યો સર્વોત્તમ છે એમ બ્રહ્માદિ વિદ્વાનોનો સિદ્ધાન્ત હોવા છતાં શ્રી સહજાનંદ કહે છે કે શ્રીકૃષ્ણના વાક્યો વેદ કરતાં શ્રેષ્ઠ છે એ શ્રી સહજાનંદને વેદનું કશું જ્ઞાન ન હતું, એમ સાબિત કરે છે.

"જેમ હૃદયમાં જીવ રહે છે તેમ ઈશ્વર અંતર્યામીપણાથી જીવમાં રહે છે તે સ્વતંત્ર અને સર્વને તેઓનાં કર્મનાં ફળ આપનાર છે. તે પૂર્ણ પુરુષોત્તમ પરબ્રહ્મ શ્રીકૃષ્ણ ભગવાન ઉપા-

સના કરવા યોગ્ય ઇષ્ટ દેવ, સર્વ પદાર્થોનો આવિર્ભાવ કારણ (પ્રસિદ્ધ કર્તા) છે. જ્યારે તે રાધા સાથે હોય ત્યારે રાધાકૃષ્ણ, રૂક્મિણી સાથે હોય ત્યારે લક્ષ્મી-નારાયણ, અર્જુન સાથે હોય ત્યારે નરનારાયણ અને જ્યારે બલભદ્રાદિ યુક્ત હોય ત્યારે તેને તે જ નામો આપવાં" શ્લોક ૧૦૭, ૧૦૮, ૧૦૯, ૧૧૦.

જીવવાન કદી ઈશ્વર બને જ નહિ, કારણ કે સર્વશક્તિ, સર્વજ્ઞતા, નિર્વિકાર આદિ ગુણયુક્ત સ્વભાવ ઈશ્વરનો જ છે. જન્મ, મરણ, હર્ષ, શોક આદિ ગુણયુક્ત શ્રી કૃષ્ણને પરબ્રહ્મ ભગવાન, પૂર્ણ પુરુષોત્તમ વગેરે નામો આપવાં મુદ્દલ સંભવતાં નથી. એક સર્વ શક્તિ માન, ન્યાયકારી, દયાળુ, સર્વાન્તર્યામી. સચ્ચિદાનંદસ્વરૂપ, નિર્દોષી, નિરાકાર, અવતાર રહિત અને વેદયુક્તિ સિદ્ધ પરમાત્માને છોડીને જન્મ-મરણ યુક્ત શ્રીકૃષ્ણની ઉપાસના કરવી એમ જે શ્રી સહજાનંદે કહ્યું છે તેથી માલૂમ પડે છે કે શ્રી સહજાનંદને પદાર્થજ્ઞાન મુદ્દલ આવડતું નહોતું, રાધા તો અનય નામના ગોવાળની પત્ની હતી. શ્રીકૃષ્ણને તેની સાથે કંઈ લાગતું વળગતું નથી. શ્રીકૃષ્ણની સ્ત્રીનું નામ રુક્મિણી હતું. તેથી તેને લક્ષ્મી નારાયણનું નામ આપવું અયોગ્ય છે. આ પ્રમાણે કહીને શ્રી સહજાનંદે પોતાની મૂર્ખાઈ બતાવી છે.

"તેમની જ (માત્ર શ્રીકૃષ્ણની જ) સર્વ મનુષ્યો એ ભક્તિ કરવી, એની ભક્તિ કરતાં બીજું સુખનું સાધન કંઈ છે જ નહિ" ૧૧૩

શ્રીકૃષ્ણનું પોતાનું કલ્યાણ થયું કે નહિ તે વિષે વિદ્વાનોને સંશય ઉત્પન્ન થાય છે. શ્રીકૃષ્ણે પોતે માત્ર એક ઈશ્વરની ભક્તિ કરી છે અને તે કરવાનો ઉપદેશ કર્યો છે. ત્યારે શ્રી સહજાનંદે જે ઉપર કહ્યું કે સર્વ મનુષ્યો એ માત્ર શ્રીકૃષ્ણની ભક્તિ કરવી એની ભક્તિ કરતાં બીજું કંઈ સુખનું સાધન છે જ નહિ, તે કહીને તેમણે પોતાની અવિદ્યા બતાવી છે.

"ગુણવાન પુરુષોના વિદ્યાદિ ગુણોનું ઉત્તમ ફળ તો એ છે કે શ્રીકૃષ્ણની ભક્તિ અને સત્સંગ કરવો. તે પડતાં મૂકીને જે બીજું કંઈ કરશે તે વિદ્વાન છતાં અધોગતિ અર્થાત્ નરક પામશે." ૧૪.

આ શ્લોકોમાં છંદો દોષ હોવાથી જણાય છે કે શ્રી સહજાનંદને છંદોજ્ઞાન વિષે કંઈ સમજણ નહોતી. શ્રીકૃષ્ણ મરી ગયા તેથી તેમની ભક્તિ કરવી તે અયોગ્ય અને નિષ્ફળ છે. વિદ્વાન લોકો પોતાની વિદ્યાના પ્રકાશથી સર્વદા સદ્ગતિ પામે છે, પણ અવિદ્યા અધર્માચરણ અને અજ્ઞાનથી શ્રી સહજાનંદ જેવા અવિદ્વાનોને અસદ્ગતિ થાય છે, એમ નજરે પડે છે.

"ત્રણ તરેહના દેહથી જે વિલક્ષણ જીવ, તેમાં બ્રહ્મરૂપની ભાવના કરીને શ્રીકૃષ્ણની ભક્તિ સર્વદા કરવી." ૧૧૫.

જો જીવ બ્રહ્મરૂપ હોય તો બ્રહ્મની તુલ્યતાં જીવમાં કેમ દેખાતી નથી! જો જીવ બ્રહ્મતુલ્ય હોય તો જેમ બ્રહ્મે આખું જગત રચ્યું તેમ જીવ થોડુંક નવું જગત શું કરવા રચી લેતો નથી! જો જીવ બ્રહ્મ એક હોય તો અવિદ્યા, જન્મ-મરણ, હર્ષ-શોક, ઠંડી-તાપ, સુખ-દુઃખ તાવ પીડા અને બંધ આદિ દોષો બ્રહ્મમાં માનવા પડશે. જો જીવથી બ્રહ્મ ભિન્ન હોય તો શ્રી સહજાનંદનું કહેવું વ્યર્થ થયું. શ્રીકૃષ્ણ પોતે પણ બ્રહ્મભક્ત હતા. તેથી સર્વ જીવો એ માત્ર બ્રહ્મની ભક્તિ કરવી, શ્રીકૃષ્ણ આદિ જીવોની ભક્તિ કરવી જ નહિ, માત્ર શ્રીકૃષ્ણ જ ભક્તિ કરવી એમ જે શ્રી સહજાનંદે ઉપર કહ્યું તેથી સિદ્ધ થાય છે કે એ પ્રમાણે કહેવામાં એમણે મોટું પાપ કર્યું છે.

"મારો મત વિશિષ્ટાદ્વૈત અને મારું પ્રિય સ્થાન ગોલોક છે, ત્યાં બ્રહ્મરૂપ શ્રીકૃષ્ણની સેવા કરવી એ મારી મુક્તિ જાણવી.' ૧૨૧.

શ્રી સહજાનંદનો મત ચક્રાંકિતના જેવો છે એમ દેખાય છે. વિશિષ્ટાદ્વૈત શબ્દનો અર્થ સર્વ લોકો આ પ્રમાણે કરે છે.-

અવિદ્યાયુક્ત જીવ અને માયાયુક્ત ઈશ્વર છે. કેટલાક લોકો ઈશ્વરની માયા એક માને છે, એ પ્રમાણે ત્રણ ચાર પદાર્થોથી અદ્વૈત

સિદ્ધ થતું નથી. બીજા પદાર્થ વિના વિશિષ્ટ શબ્દ વાપરી શકાય નહિ, એ પદાર્થો અદ્વૈત થઈ શકે નહિ. પણ બ્રહ્મતો ખરેખર અદ્વૈત છે. સજાતીય કે વિજાતીય બીજો બ્રહ્મ છે જ નહિ. તેથી એ ભેદ બ્રહ્મમાં સંયોગ વિના સિદ્ધ થઈ શકે નહિ. વેદ અને યુક્તિસિદ્ધ એકરસ માત્ર એક બ્રહ્મ જ છે, આથી અદ્વૈત શબ્દનો અર્થ જાણવો. આ ઉપરથી દેખાય છે કે શ્રી રામાનુજ અને શ્રી સહજાનંદના મતો ખોટા છે.

ગાય વગેરે પશુનો લોક મારું સ્થાન છે. એમ જે શ્રી સહજાનંદે કહ્યું છે, તેથી સ્વજાતિના નિયમથી શ્રી સહજાનંદ પોતે પણ પશુ બને છે. ગોલોકમાં નિવાસ કરવાથી અને માત્ર શ્રીકૃષ્ણ સેવાથી જ મુક્તિ પ્રાપ્ત થાય છે, એમ જે શ્રી સહજાનંદ, કહે છે તે મિથ્યા છે.

"મેં મોટાં મંદિરોમાં લક્ષ્મીનારાયણ આદિ મૂર્તિઓની પ્રાણ-પ્રતિષ્ઠા કરી છે. તેઓની યથાવિધિ સેવા કરવી." ૧૩૦.

શ્રી સહજાનંદે અથવા બીજા કોઈએ બાંધેલાં વેદધર્મવિરુદ્ધ અને દ્રવ્યનાશક મોટાં મંદિરોમાં રહેલી પાષણ આદિ મૂર્તિઓને લક્ષ્મીનારાયણનું નામ આપી શકાય જ નહિ. કારણ કે વેદમાં મૂર્તિ વિષે કંઈ કહ્યું નથી, તેથી મૂર્તિ પોતે જડ છે એ કારણથી અને લક્ષ્મીનારાયણ અદિ સૌ ચેતન હતા તે હેતુથી મૂર્તિપૂજાનું યથાવિધિ ખંડન કરવું જોઈએ, અને કદી પૂજન કરવું નહિ.

"એ અમુક પુરુષની સ્ત્રીઓએ પોત પોતાના ધણીની આજ્ઞા લઈને માત્ર સ્ત્રીઓને જ શ્રીકૃષ્ણ મંત્રનો ઉપદેશ કરવો." ૧૩૩.

શ્રી સહજાનંદના માનેલા ઉપદેશ સિવાય સ્ત્રીઓ પાસેથી ધન પ્રાપ્તિ કદી થાય નહિ. એ ઉપરથી સ્પષ્ટ રીતે દેખાય છે કે શ્રી સહજા-નંદે એકદમ છળકપટ ફેલાવી દીધું. પરબ્રહ્મનો મંત્ર છોડી દઈને શ્રીકૃષ્ણ કે જે મૃત્યુ પામ્યા છે, તેમના નામના મંત્રનો ઉપદેશ માત્ર કરવાથી શ્રીસહજાનંદ લોભી અને અજ્ઞાની ઠરે છે.

"પોતાના કમાવેલા ધનધાન્યનો દશમો ભાગ શ્રીકૃષ્ણને અર્પણ

કરવો, અને જે લોકો દુર્બળ હોય, તેઓએ વીશમો ભાગ શ્રીકૃષ્ણના નામે આપવો." ૧૪૭.

પરધન હરવામાં અને પોતાને સુખ આપવામાં શ્રી સહજાનંદનો છળભેદ ખુલ્લે ખુલ્લો દેખાય છે. આ પ્રમાણે કરવામાં શ્રી સહજાનંદનો અભિપ્રાય એ હતો કે કંઈ પણ મહેનત કર્યા વગર ધનનો દશમો, વીશમો ભાગ મેળવી લઈને આપણે સંસારનું સુખ ખૂબ ભોગવીશું. ઉપર જણાવ્યું છે કે શ્રીકૃષ્ણને અર્પણ કરવું. તે શ્રીકૃષ્ણ પોતે તો દશમો અથવા વીશમો ભાગ લેવા આવી શકતા નથી અને શ્રી-કૃષ્ણ કંઈ એવા દરિદ્રી નહોતા. આ ઉપરથી સાબિત થાય છે કે શ્રી સહજાનંદે ગોકુલના વલ્લભ સંપ્રદાયવાળાઓની પેઠે ખૂબ ધૂર્તતા ચલાવી છે. એવા એવા ધૂર્ત સંપ્રદાયોના પ્રચારથી આપણા અર્યા-વર્ત દેશને ઘણું વેઠવું પડયું છે. તેથી સર્વ સજ્જનોએ શ્રમ લઈને એવા સંપ્રદાયોને જડ મૂળથી ઉખેડી નાખવા જોઈએ. જો કદી કાઢી નાખવામાં નહિ આવે તો આપણા દેશનું કલ્યાણ કદી થવાનું જ નથી.

"એકાદશી વગેરે વ્રતોનું યથાશક્તિ અને શાસ્ત્ર પ્રમાણે ઉદ્યા-પન કરવું. ઉદ્યાપન મનની ઇચ્છાઓ પૂરી પાડે છે. શ્રાવણ મહીનામાં બીલી વગેરે વૃક્ષોનાં પાંદડાંથી મહાદેવની લિંગ મૂર્તિની પૂજા કરવી-કરાવવી." ૧૪૮, ૧૪૯.

આથી પણ શ્રી સહજાનંદની ધૂર્તતા સ્પષ્ટ દેખાય છે. જો કદી એકાદશી આદિ વ્રતો નહિ કરે તો શિષ્યો પાસેથી ઉદ્યાપન વિના ધન લાભ થાય નહિ. શ્રાવણ મહીનામાં મહાદેવપૂજન અર્થાત્ પાષણ આદિ મૂર્તિપૂજા વિના આપણને શિષ્યો પાસેથી ધન વગેરે પ્રતિષ્ઠા મળશે નહિ. એવા એવા વિચારોથી શ્રી સહજાનંદે પોતાનું કપટ દર્શાવ્યું છે.

"દેવની મૂર્તિ સિવાય આલેખેલી અથવા લાકડા વગેરેની

સ્ત્રીઓની મૂર્તિઓનો કદી સ્પર્શ કરવો નહિ, તેમની તરફ આડી દૃષ્ટિએ જોવું પણ નહિ." ૧૭૭.

પ્રથમ તો શ્રી સહજાનંદે પોતાના મંદિરમાં રાધાની મૂર્તિની સ્થાપના શા માટે કરી? અને જેની ડાબી બાજુએ રાધા છે વગેરે વાકયોનો શ્રી સહજાનંદે શા માટે લોકોને ઉપદેશ કર્યો?

શ્રી સહજાનંદના શિષ્યો બુદ્ધિપૂર્વક રાધાના દર્શન શા માટે કરે છે? આવા આવા ગાંડા ગીતો અને બકબકાટથી શ્રી સહજાનંદને ઘણી તરેહના દોષો લાગુ પડે છે.

"સર્વ ઇન્દ્રિયો જીતી લેવી તેમાં વિશેષે કરી રસ ઇન્દ્રિય જીતવી, કોઈએ દ્રવ્યનો સંગ્રહ કરવો નહિ, તેમ કોઈને કરવા પણ દેવો નહિ, કોઈની સ્થાપના કરવી નહિ, ધૈર્યનો ત્યાગ કરવો નહિ અને પોતાની રહેવાસી જગામાં પરસ્ત્રીને આવવા દેવી નહિ." ૧૮૯.

માત્ર સાધુઓએ જ જિતેન્દ્રિય થવું એમ જો શ્રી સહજાનંદ ઉપદેશ આપતા હોત તો તમે શું અસાધુ છો? તમારા વિચાર પ્રમાણે શું ગૃહસ્થોએ જિતેન્દ્રિય ન થવું?

ઉપર કહ્યું કે કોઈનુ સ્થાપન કરવું નહિ. ત્યારે વિદ્યા, ધર્મ, ઇશ્વર પ્રાર્થના, સ્તુતિ અને ઉપાસનાનું સ્થાપન શું ન કરવું જોઈએ? વેદ ધર્મ અને યુક્તિ વિરુદ્ધ સંપ્રદયોની સ્થાપના શા માટે કરવી જોઈએ? શ્રી સહજાનંદે એવા સંપ્રદાયોનું સ્થાપન શા માટે કર્યું? સર્વ મનુષ્યોએ એવા એવા પાખંડોનું ખંડન અને સત્યધર્મનું મંડન અવશ્ય કરવું જોઈએ.

"એ પ્રમાણે સર્વ લોકોના ધર્મ સંક્ષેપે લખ્યા છે અને એ ધર્મોનું વિસ્તૃત વર્ણન સંપ્રદાયના ગ્રંથોમાંથી સમજી લેવું. મેં સર્વ સત્ય શાસ્ત્રોનો સાર કાઢીને મનુષ્યને ઇષ્ટ ફળ આપનારી આ શિક્ષાપત્રી લખી છે" ૨૦૩, ૨૦૪.

ધર્મનું તો લેશ માત્ર પણ પ્રતિપાદન કર્યું નથી પણ સ્વ-

કપોલ કલ્પનાથી પોતાની ભ્રાન્તિનો પ્રકાશ કરેલો દેખાય છે. વેદાદિ શાસ્ત્રોમાં જે યથાવત્ ધર્મ લખ્યા છે તેનું શ્રી સહજાનંદને મુદ્દલ ગ્નાન નહોતું. લખેલા ધર્મને ફરીથી લખવું વ્યર્થ છે, કારણ કે એમ કરવાથી દળેલાને દળવા જેવું થાય છે. મનુષ્ય માત્રનો સનાતન સાંપ્રદાયિક **ગ્રંથ તે વેદ જ છે.** શિક્ષાપત્રી વગેરે ગ્રંથો બધા મિથ્યા છે. 'વિસ્તર' (મૂળ શ્લોકમાં 'વિસ્તર' શબ્દનો પ્રયોગ છે.) શબ્દ વ્યાકરણ નિયમથી અશુદ્ધ છે. **'વિસ્તરને'** બદલે **'વિસ્તાર'** શબ્દ લખવો જોઈએ. કથન, શ્રવણ વગેરે **અર્થમાં** જ માત્ર વિસ્તાર પ્રયોગ થાય છે. શ્રી સહજાનંદને સત્ય શાસ્ત્રનો બોધ હતો જ નહિ, તેમ એમણે કંઈ અધ્યયન પણ કર્યું નહોતું. કારણ કે એમણે વેદ અને યુક્તિ વિરુદ્ધ પાષણ મૂર્તિ પૂજન, કંઠી તિલકધારણ વગેરે ભ્રષ્ટ કર્મોનું પ્રતિપાદન કર્યું છે. શિક્ષાપત્રીમાં સારને બદલે અસાર વર્ણન કરેલું છે. શિક્ષાપત્રી લોભ વિષયમાં તો ઈષ્ટ ફલ દાયક છે. પણ શિત્રાપત્રીનો પાઠ કરવાથી સર્વદા સુખપ્રાપ્તિ થાય છે. એ અનુભવ રહિત વાત છે. આવા આવા વચનોથી શ્રી સહજાનંદ લોભી ઠરે છે. લોભ વિના સંપ્રદાયની વૃદ્ધિ થાય નહિ અને જો તે પ્રાપ્તિ ન થાય તો ઈષ્ટ વિષય સુખ મળે નહિ. આ ઉપરથી સમજવું કે શ્રી સહજાનંદની બુદ્ધિ કપટ રૂપ હતી.

"જે પુરુષ અથવા સ્ત્રી આ શિક્ષાપત્રીમાં કહેલા ધર્મો પ્રમાણે વર્તશે તેઓને ખરેખર ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પ્રાપ્ત થશે." ૨૦૬.

જે લોકો પાષણ આદિ મૂર્તિ પૂજન વગેરે પાખંડોનું આચરણ કરશે તેઓને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ તો પ્રાપ્ત નહિ થાય, પરંતુ અધર્મ, અનર્થ, દુષ્ટ, ઇચ્છા, બંધ નરક વગેરે દોષો અવશ્ય પ્રાપ્ત થશે.

"શિક્ષાપત્રી પ્રમાણે જે લોકો આચરણ નહિ કરે તેઓ આપણા સંપ્રદાયથી બહાર છે- એમ મારા સાંપ્રદાયિક સ્ત્રીપુરુષો એ સમજવું." ૨૦૭.

પાષાણુ આદિ મૂર્તિ પૂજન, કંઠી, તિલક વગેરે પાખંડરૂપ ચિહ્નો કદી કોઈએ કરવા નહિ અને જે પુરુષ એ ચિહ્નો નહિ કરે તેને જ માત્ર ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ થશે.

વેદાદિ સત્ય શાસ્ત્રોક્ત સનાતન, સત્ય, પક્ષપાત રહિત ન્યાય ધર્મનો ત્યાગ કરીને શ્રી સહજાનંદ આદિએ રચેલા શિક્ષાપત્રી વગેરે અને વેદ અને યુક્તિ વિરુદ્ધ ગ્રંથોનો જે લોકોએ સ્વીકાર કર્યો છે, કરે છે અને કરશે તેઓને શ્રેષ્ઠ લોકોએ સત્યધર્મ રહિત અને નાસ્તિક નામ આપવું જોઈએ.

"મારા અશ્રિતોએ શિક્ષાપત્રીનો દરરોજ પાઠ કરવો અને જેઓ વિદ્યાહીન હોય તેઓએ પ્રીતિથી તેનું શ્રવણ કરવું. શ્રવણ કરવાનું ન બને તો આ શિક્ષાપત્રીની અત્યંત પ્રીતિથી પૂજા કરવી અને એને મારી વાણી તથા મારું રૂપ જાણવું. આપત્રિકા દૈવીમાગીને આપવી પણ કોઈને અસુરને આપવી નહિ. ૨૦૮, ૨૦૯, ૨૧૦.

વેદનું ભણવું-સાંભળવું મૂકી દઈને શ્રી સહજાનંદ આદિઓએ રચેલા શિક્ષાપત્રી વગેરે કપોલ-કલ્પિત પુસ્તકો ભણવા તેમ જ સાંભળવાથી ઘણું જ પાપ લાગે છે.

આ જડ, વ્યર્થ પુસ્તકની પૂજા કરવાનો ઉપદેશ આપવામાં અયોગ્યતા માલૂમ પડે છે. વાણી કદી જીવરૂપ બને નહિ. પરમ પ્રીતિથી શિક્ષાપત્રીનો સત્કાર કરવો એમ જ શ્રી સહજનંદે કહ્યું. તેવો સત્કાર કરવાને બદલે પરમ પ્રયત્નથી એ પત્રિકાનું ખંડન કરવું. આ પ્રમાણે બોલવામાં શ્રી સહજાનંદની મૂળ મતલબ અજ્ઞાની અને બાળકોને ભગાવી તેઓ પાસેથી ધનાદિ પદાર્થો છીનવી લેવાની છે. જે દૈવીમાગી હશે તે તો શિક્ષાપત્રી હાથમાં પકડશે પણ નહિ. જે લોકો વિદ્યા રહિત અસુર સંપ્રદાયોનો સ્વીકાર કરે છે તેવા લોકોના સંપ્રદાયને **સંપ્રદાહ** નામ આપવું જોઈએ, કારણ કે તે સંપ્રદાય અંધકારરૂપ છે. જેમાં વિદ્યા-વિજ્ઞાનનો સત્યાનાશ વળી જાય, તેનું તેથી નામ સંપ્રદાહ પડે છે. હાલના જેટલા સંપ્રદાય છે, તે સર્વને સંપ્રદાહ નામ

આપવું જોઈએ. પ્રશ્ન–મરણ સમયે પણ શ્રી સહજાનંદ પોતાના શિષ્યોના હાથ પકડી વિમાન ઉપર ચઢાવીને વૈકુંઠે લઈ જાય છે અને પરમ સુખ આપે છે વગેરે ગપાટા શ્રી સહજાનંદના શિષ્યો પાસેથી સંભળાય છે. તે સત્ય છે કે મિથ્યા?

૪. એ બધું મિથ્યા દેખાય છે. કારણ કે જે પુરુષ મરી ગયો, તે ફરીથી આવીને પ્રથમનું શરીર ધારણ કરી શકે જ નહિ. જો કદી તેમ કરવા સમર્થ હોય તો સંપ્રદાયવાળાઓએ છળકપટથી જે પુષ્કળ દ્રવ્ય એકઠું કર્યું છે, તે ભોગવવાને પણ અવશ્ય આવવો જોઈએ. આ ઉપરથી સમજવું કે શ્રી સહજાનંદ વગેરે ધૂર્તો, અજ્ઞાની લોકોને મોહ પમાડવા માટે જ આવો આવો બોધ આપી ઠગે છે.

પોતાના શિષ્યોના હાથ ઉપર લોખંડ દગદગાવીને ચક્ર વગેરે ચિહ્નો કરવાથી શ્રી સહજાનંદના સંપ્રદાયવાળાને અત્યંત પાપ લાગશે. જેઓ બગલા ભક્ત છે તેઓ સ્ત્રી દર્શન તેમ જ ધાતુ સ્પર્શ કરતા નથી. ગૃહસ્થ આચાર્ય લોભના હેતુથી મંદિર બાંધી, કપટથી દ્રવ્ય આદિ પદાર્થો છીનવી લે છે. બે-બે વિવાહો કરવા વગેરે કર્મો જે સંપ્રદાયમાં થતાં હોય, તેમાં કલ્યાણની આશા કોઈ સજ્જન કદી રાખવી નહિ.

સર્વાત્મા સચ્ચિદાનાનંદોઽજોઽનન્ત સ્સર્વશક્તિમાન્ ।
ભૂયાત્તમાં સહાયો નો ન્યાયકારી શુચિઃ પ્રભુઃ ॥ ૧ ॥
ભૂમિરામાંક્ચંદ્રેઽબ્દે સહસ્યાઽસિતે દલે ।
એકાદશ્યામર્કવારે ગ્રન્થોઽયમ્પૂર્તિમાગમત્ ॥ ૨ ॥

(આ ગ્રંથ સંવત ૧૯૩૧ પોષ વદ ૧૧ રવિવાર (૩–૧–૧૮૭૫) ને દિવસે સમ્પૂર્ણ થયો.)

(મહર્ષિ દયાનંદ લિખિત આ પુસ્તિકા મુંબઈના ઠક્કર શ્રી દામોદર સુંદરદાસે (મુંબઈ આર્યસમાજનો ઇતિહાસના લેખક) પ્રકાશિત કરી હતી.)

—o—o—o—